# જમ્મુ કાશ્મીરમાં પુરની સ્થિતિ હજુ વિકટ



શ્રીનગર,તા. ૩૧

જમ્મુ કાશ્મીરમાં પુરની સ્થિતી હજુ પણ ગંભીર બનેલી છે. લાખો લોકો સામે નવી આફત આવી ગઇ છે. જનજીવન સંપૂર્ણપણે ખોરવાઇ ગયું છે. છેલ્લા કેટલાક દિવસથી અતિ ભારે વરસાદના કારણે સ્થિતી વણસી ગઇ છે. તમામ જગ્યાએ પાણી ભરાઇ ગયા છે. કાશ્મીર ખીણમાં વિનાશક પુરની સ્થિતી સર્જાઇ ગયા બાદ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. હજારો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી લેવામાં આવ્યા છે. મોતનો આંકડો હવે વધીને ૧૮ ઉપર પહોંચી ગયો છે. અનેક લોકો હજુ લાપતા હોવાની માહિતી મળી છે. ગયા વર્ષે ૨૦મી સપ્ટેમ્બરના દિવસે વિનાશક પુરના કારણે ૨૦૦થી વધારે લોકોના મોત થયા હતા. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા તમામ લોકોને ખસેડી દેવામાં આવ્યા છે. બીજી બાજુ કેન્દ્ર દ્વારા પણ તરત પુરગ્રસ્ત જમ્મુ કાશ્મીર માટે ૨૦૦ કરોડ મંજૂર કરી દેવામાં આવ્યા છે. સ્થિતીમાં હાલ સુધારો થાય તેવી શક્યતા ઓછી દેખાઇ રહી છે. જમ્મુ કાશ્મીરમાં ભારે વરસાદના કારણે લોકોની હાલત ફરી એકવાર કફોડી બની ગઇ છે. શ્રીનનગરમાં વહીવટીતંત્ર દ્વારા ફરી એકવાર પુરને લઇને એલર્ટની જાહેરાત કરી દેવામાં આવી છે. શ્રીનનગરના રામ મુન્શી બાગ વિસ્તારમાં ઝેલમ નદીમાં પાણીની સપાટી ભયજનક સ્તર પર પહોચી ગઇ છે. નદીના કાઠાના વિસ્તારોમાં રહેતા લોકોને એલર્ટ રહેવા કહેવામાં આવ્યું છે.એનડીઆરએફના ૨૦૦થી વધુ જવાનો પહોંચી ગયા હતા. ભારે વરસાદના કારણે ખીણના અનેક વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા છે. સેંકડો મકાનો નાશ પણ પામ્યા છે. ભારે વરસાદના કારણે ચરારે શરીફ વિસ્તારમાં ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે.અત્રે ઉલ્લેખનીય છે કે ખીણમાં ભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઇ ગયુ છે. ભારે વરસાદ બાદ ભેખડો ધસી પડવાના અનેક બનાવ બન્યા છે જેમાં અનેક ઇમારતોને નુકસાન થયું છે. મોટી સંખ્યામાં લોકો ઘરવગરના થઇ ગયા છે. સેન્ટ્રલ કાસ્મીરમાં બડગામ જિલ્લાના ચૌંતિનાર ગામમાં ભારે વરસાદ બાદ ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. ખીણમાં ગયા વર્ષે વિનાશકારી પુરની સ્થિતિમાંથી તમામ લોકો સંપૂર્ણપણે હજુ સુધી બહાર આવ્યા નથી.

ભારે વરસાદના કારણે સ્થાનિક લોકોમાં દહેશત છે.મકાનોને નુકસાન થયા બાદ તમામ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. શ્રીનગર-જમ્મુ નેશનલ હાઇવે બંધ કરવાની ફરજ પડી છે.

## યુદ્ધગ્રસ્ત યમનમાં ૪૦૦૦થી વધુ ભારતીય લોકો અટવાયા

### યમનમાં ફસાયેલા ભારતીય લોકોને લઇને મોદી સરકાર ભારે ચિંતાતુર

નવી દિલ્હી,તા. ૩૧

યુદ્ધગ્રસ્ત યમનમાં ફસાયેલા ભારતીય લોકોને લઈને મોદી સરકાર ખુબ જ ગંભીર બનેલી છે. ભારતીય લોકોને સુરક્ષિત ખસેડી લેવાના પ્રયાસ યુદ્ધના ધોરણે ચાલી રહ્યા છે. ૪૦૦થી વધુ ભારતીયોને સુરક્ષિતરીતે ખસેડી લેવામાં



આવ્યા છે પરંતુ હજુ પમ ૪૦૦૦થી વધારે લોકો ફસાયેલા છે. તેમની મદદ કરવા માટે સરકાર સતત પ્રયાસ કરી રહી છે. કટોકટીનો સામનો કરી રહેલા યમનમાંથી લોકોને ખસેડી લેવાની પ્રક્રિયા ચાલી રહી છે. જહાજો પણ રવાના કરવામાં આવ્યા છે. વિદેશ મંત્રાલયના પ્રવકતાએ નિવેદન જારી કરીને કહ્યું છે કે અમે અગાઉ ત્રણ વખત જાહેરાત કરીને ત્યાં રહેતા ભારતીય લોકોને ખસી જવાની વિનંતિ કરી હતી. હજુ પણ યુદ્ધગ્રસ્ત ઝોનમાં ૪૦૦૦ ભારતીય ફસાયેલા છે. તેમની સુરક્ષિત વાપસીના પ્રયાસ ચાલી રહ્યા છે. તમામ મામલે વિગત આપતા વિદેશ મંત્રાલયના પ્રવકતા સૈયદ અકબરુદ્દીને કહ્યુ છે કે દરિયાઇ રૂટ મારફતે અડેનમાંથી ૪૦૦ ભારતીયોને ખસેડી લેવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યમનમાંથી ભારતીય લોકોને ખસેડી લેવા માટે સાઉદી અરેબિયા પાસેથી મદદની માંગ કરી છે.સ્થાનિક જહાજની સેવા પણ લેવામાં આવી રહી છે. તેમણે વધુમાં કહ્યું હતું કે તમામ જગ્યાઓ પરથી ભારતીય લોકોને ખસેડી લેવામાં આવી રહ્યા છે. મસ્કતમાં એર ઈન્ડિયાની ફ્લાઈટનો ઉપયોગ કરવામાં આવનાર છે. આ ઉપરાંત આઈએનએસ સુમિત્રાની સેવા પણ સેવામાં આવનાર છે. દરિયાઇ રૂટથી તેમને ભારત લાવવામાં આવનાર છે. જો કે તેમણે ખાતરી આપી છે કે તમામ ભારતીય લોકો બિલકુલ સુરક્ષિત છે. તેમની વાપસી માટેની વ્યવસ્થા પણ કરવામાં આવી ચુકી છે.

## બાબરી કેસમાં અડવાણી, જોશી સહિત અનેકને સુપ્રીમની નોટિસ

નવીદિલ્હી,તા. ૩૧

સુપ્રીમ કોર્ટે બાબરી મસ્જિદ ધ્વંસ કેસમાં આજે ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી અને અન્ય ૧૯ને નોટિસ ફટકારી હતી. સમગ્ર દેશને હચમચાવી મુકનાર બાબરી મસ્જિદ ધ્વંસ કેસમાં તેમની સામે કાવતરા આક્ષેપોને પડતા મુકવા સામે દાખલ કરવામાં આવેલી અરજી ઉપર સુપ્રીમ કોર્ટે આજે નોટિસ ફટકારી હતી. ચીફ જસ્ટિસ એચએમ દત્તુના નેતૃત્વમાં બેંચે ભાજપના નેતા અને સીબીઆઈને પણ નોટિસ ફટકારી હતી. બાબરી મસ્જિદ કેસમાં અરજીદારો પૈકીના એક હાજી મહેબુબ અહેમદ દ્વારા દાખલ કરવામાં આવેલી અલગ અરજી ઉપર સીબીઆઈ અને ભાજપ નેતાને નોટિસ ફટકારી હતી. પોતાની અરજીમાં હાજી મહેબુબે આક્ષેપ કર્યો છે કે, સીબીઆઈ કેન્દ્રમાં સરકાર બદલાઈ ગયા બાદ તેના વલણમાં પીછેહઠ કરી શકે છે. સીબીઆઈ સમક્ષ જોરદાર રજૂઆત આ મામલામાં થઈ ચુકી છે. સુપ્રીમ કોર્ટ વર્ષ ૨૦૧૦ના અલ્હાબાદ



હાઈકોર્ટના ચુકાદાને પડકારતી સીબીઆઈની અરજી ઉપર સુનાવણી ચલાવી હતી જેમાં અડવાણી અને અન્ય ૧૯ને નિર્દોષ છોડી મુકવામાં આવ્યા હતા. બાબરી મસ્જિદના ધ્વંસમાં ફોજદારી કાવતરાના આરોપોમાંથી ભાજપ અને હિન્દુ સંગઠનના વરિષ્ઠ નેતાઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. સીબીઆઈએ ૧૮મી ફેબ્રુઆરી ૨૦૧૧ના દિવસે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. અલ્હાબાદ હાઈકોર્ટે ૨૦મી મે ૨૦૧૦ના દિવસે ચુકાદો આપ્યાના નવ મહિના બાદ આ અપીલ કરાઈ હતી. હાઈકોર્ટના આદેશને પડકાર ફેંકવામાં વિલંબ માટે અધિકાર ક્ષેત્રને લઈને દુવિધા રહી છે. સીબીઆઈએ સુપ્રીમ કોર્ટ સમક્ષ તેની અરજીમાં કહ્યું હતું કે, અડવાણી અને અન્યોને ડિસ્ચાર્જ કરવાનો ચુકાદો અગાઉના ચુકાદા સાથે બંધ બેસતો નથી. ૧૨મી ફેબ્રુઆરી ૨૦૦૧ના દિવસે અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેંચે કહ્યું હતું કે, ટ્રાયલ કોર્ટે કોઈપણ પ્રકારની ભુલ કરી નથી. જવાબ આપવા માટે તમામને ચાર સપ્તાહની મહેતલ આપવામાં આવી છે. બાબરી મસ્જિદ તોડી પાડવાના મામલામાં અલ્હાબાદ હાઈકોર્ટમાંથી પાંચ મહિના પહેલા નિર્દોષ છુટેલા અડવાણી, મુરલી મનોહર જોશી સહિત ૨૦ નેતાઓ અને સીબીઆઈને નોટિસ ફટકારી છે.

બાબરી મસ્જિદ તોડી પાડવા સાથે જોડાયેલા ૨૨ વર્ષ જુના કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટના પાંચ વર્ષ જુના એવા નિર્ણયને પડકાર ફેંકવામાં આવ્યો છે જેમાં અડવાણી અને અન્યોને નિર્દોષ છોડી મુકવામાં આવ્યા હતા. આ મામલામાં આરોપીઓમાં અડવાણી, મુરલી મનોહર જોશી, કલ્યાણસિંહ, ઉમા ભારતી, સાધ્વી ઋતુંભરા, વિનય કટિયાર, અશોક સિંઘલ સામેલ છે. અરજીમાં કેન્દ્રમાં રહેલી ભાજપ સરકારના પરિણામ સ્વરુપે સીબીઆઈની નિષ્પક્ષતા સામે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. હાજી મહેબુબ રામજન્મભૂમિ વિવાદ કેસ સાથે છેલ્લા ૪૫ વર્ષથી જોડાયેલા છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે મહત્વની બાબત એ છે કે, જેના ઉપર અપરાધિક કેસ ચાલી રહ્યો છે તે કેબિનેટ પ્રધાન ઉમા ભારતી છે. જ્યારે જે નેતાની સામે ગેરરીતિઓને વ્યવસ્થિત કરવા માટે યોગ્ય કાર્યવાહી નહીં કરવાનો આક્ષેપ છે તે રાજનાથસિંહ કેન્દ્રીય કેબિનેટમાં ખુબ ઉંચા હોદ્દા ઉપર છે. જ્યારે એક આરોપી કલ્યાણસિંહ ગવર્નર બની ચુક્યા છે. ૨૧ આરોપીઓને મુક્ત કરવામાં આવ્યા હતા જેમાં બાલ ઠાકરે પણ સામેલ છે. બાલ ઠાકરેનું થોડાક સમય પહેલા અવસાન થયું હતું. અલ્હાબાદ હાઈકોર્ટે ૨૦મી મે ૨૦૧૨ના દિવસે મોટો ચુકાદો આપ્યો હતો.

**૧૪ એપ્રિલના દિવસે પોતાના સમર્થકો સાથે બેઠક**

## યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ટુંકમાં નવી પાર્ટી બનાવશે

નવી દિલ્હી,તા. ૩૧

એએપીમાંથી અલગ થઈને હવે એક નવી પાર્ટી સપાટી પર આવી શકે છે. આમ આદમી પાર્ટીની રાષ્ટ્રીય કારોબારીમાંથી હાંકી કાઢવામાં આવેલા વરિષ્ઠ નેતાઓ યોગેન્દ્ર યાદવ અને પ્રશાંત ભુષણે અલગ પાર્ટી બનાવવાના સંકેત આપી દીધા છે. રાજકીય માહોલને ચકાસવાના હેતુથી પ્રશાંત અને યોગેન્દ્ર યાદવ હવે બીઆર આંબેડકરના જન્મદિવસે ૧૪મી એપ્રિલના દિવસે પોતાના સમર્થકો સાથે એક બેઠક યોજવા જઈ રહ્યા છે. જેમાં આમ આદમી પાર્ટીના બળવાખોર સભ્યો અને સામાજિક આંદોલન સાથે જોડાયેલા લોકો સામેલ થાય તેવી શક્યતા છે. બેઠકમાં આમ આદમી પાર્ટીના આંતરિક લોકપાલ રહી ચુકેલા એડમિરલ એલ રામદાસ અને નર્મદા બચાવો આંદોલનના નેતા મેધા પાટકરને પણ આમંત્રણ આપવામાં આવ્યું છે. યોગેન્દ્ર યાદવે સંકેત આપ્યો છે કે તેઓ ફરી એકડેમિક્સની તરફ આગળ વધશે નહી. પરંતુ રાજનિતીમાં જ રહેશે. બીજી બાજુ પ્રશાંત ભુષણે કહ્યું છે કે તેમની પાસે ત્રણ વિકલ્પ રહેલા છે. અમે કેજરીવાલ અને તેમની મંડળીથી પાર્ટીને બચાવી લેવા માટે ચૂંટણી પંચ સમક્ષ જઈશુ. જો કે આમાં તેમની અંગત ઈચ્છા ઓછી છે. બીજો વિકલ્પ અન્ય પાર્ટી બનાવવા માટેનો છે. જેનો હેતુ એ હશે




જે ઈરાદાથી આપની રચના કરવામાં આવી હતી.

ત્રીજો વિકલ્પ કોઈ પણ રાજકીય પાર્ટી બનાવ્યા વગર જન આંદોલનને આગળ વધારી દેવામાં આવે તે છે. જમીન અધિકાર જેવા મામલે લડતની પણ યોજના છે. સાથે સાથે સિસ્ટમમાં ફેરફાર માટે લડત ચલાવવાની પણ તૈયારી છે. પ્રશાંત ભુષણે કહ્યું હતું કે અંતિમ નિર્ણય તમામની મંજૂરી સાથે જ લેવામાં આવશે. રણનિતી અંગે યોગેન્દ્ર યાદવે કહ્યું છે કે આક્રમક લડત જારી રહેવી જોઈએ. દેશમાં નવી તાકાત જગાવવાની યોગેન્દ્રે વાત કરી છે.

## દુનિયાના શ્રેષ્ઠ સર્વિસ આપનાર વિમાનીમથકની યાદીમાં દિલ્હી અને મુંબઈનો સમાવેશ

નવી દિલહી,તા. ૩૧

દુનિયાના શ્રેષ્ઠ સર્વિસ આપનાર વિમાનીમથકની યાદીમાં દિલ્હી એન મુંબઇનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ બન્ને શહેરોના એરપોર્ટ પર આપવામાં આવેલી સર્વિસની



નોંધ લેવામાં આવી છે. નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનીમથક અને મુંબઇમાં છત્રપતિ શિવાજી ઇન્ટરનેસનલ વિમાનીમથક દુનિયાના પાંચ ક્વોલિટી સેવા આપનાર વિમાનીમથકમાં સામેલ થઇ ગયા છે. એરપોર્ટ કાઉન્સિલ ઇન્ટરનેશનલની એરપોર્ટ સેવા ગુણવત્તાની ૨.૫ કરોડ વાર્ષિક યાત્રી વર્ગમાં દિલ્હી વિમાનીમથક દુનિયામાં બીજા સ્થાને છે. જ્યારે મુંબઇ વિમાનીમથક આ યાદીમાં પાંચમા ક્રમાંકે છે. સાથે સાથે હૈદરાબાદના રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનીમથકને ૫૦ લાખથી ૧.૫ કરોડ વાર્ષિક યાત્રી ધરાવતા વર્ગમાં સારી સેવા ગુણવત્તાના મામલે બીજા સ્થાન પર રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. દિલ્હીમાં ઇન્દિરા ગાંધી આંતરાષ્ટ્રીય વિમાનીમથક પર દેખરેખ રાખનાર કંપની દિલ્હી ઇન્ટરનેશનલ એરપોર્ટ લિમીટેડ દ્વારા કહેવામાં આવ્યું છે કે ૨૭મી મેના દિવસે શિઓલમાં આયોજિત એક કાર્યક્રમમાં એવોર્ડ આપવામાં આવનાર છે. આ ત્રીજી વખત બન્યુ છે કે જ્યારે એસીઆઇ તરફથી દિલ્હીને એવોર્ડ મળનાર છે. દિલ્હીના વિમાનીમથકને સેવા ગુણવત્તાના માપદંડમાં પાંચ પૈકીના ૪.૮૪ પોઇન્ટ મળ્યા છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીને એકંદરે છઠ્ઠા સ્થાને રાખવાનો નિર્ણય કરાયો છે. દિલ્હી વિમાનીમથકની ક્ષમતા વાર્ષિક આશરે છ કરોડની છે. વર્ષ ૨૦૧૩માં આ વિમાનીમથકમાંતી આશરે ત્રણ કરોડ ૬૮ લાખ યાત્રી નિકળ્યા હતા. દેશના એરપોર્ટ પર વધારે સારી સુવિધા ઉભી કરવાના હવે પ્રયાસો થઇ રહ્યા છે.એરપોર્ટ આંતરરાષ્ટ્રીય સ્તરના બનાવી દેવામાં આવ્યા છે.

**હરિયાણામાં ભાજપ સરકાર ઉપર આક્ષેપ**

## રોબર્ટ વાઢેરાને ફસાવવાની યોજના તૈયાર કરાઈ : કોંગી

નવી દિલ્હી,તા. ૩૧

કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા દ્વારા હાલમાં જ જારી કરવામાં આવેલા અહેવાલ અંગે પ્રતિક્રિયા કરતા સ્કાયલાઈટ હોસ્પિટાલીટી પ્રાઈવેટ લિમિટેડ અને રોબર્ટ વાઢેરાએ ભાજપ સરકાર ઉપર ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા છે. હરિયાણા સરકાર ઉપર તેજાબી આક્ષેપો કરીને કોંગ્રેસે કહ્યું છે કે, રોબર્ટ વાઢેરાને ફસાવવાની રણનીતિ ઘડવામાં આવી રહી છે. પ્રિન્સિપલ એકાઉન્ટ જનરલ પાસેથી પ્રશ્નોનો જવાબ હરિયાણાની સરકારે જાણી જોઈને આપ્યો નથી. રાજ્યના ઓડિટરના અહેવાલમાં વાઢેરા અને સ્કાયલાઈટ દોષિત જાહેર થાય તેવા પ્રયાસો કરવામાં આવ્યા છે. લો કંપની સુમન ખેતાન એન્ડ કંપની તરફથી જારી કરવામાં આવેલા પત્રમાં રાજ્ય સરકાર ઉપર દોષારોપણ કરવામાં આવ્યા છે. પીએજી તરફથી લખવામાં આવેલા પત્રો અને અનેક નોટિસોનો યોગ્ય રીતે જવાબ આપવામાં આવ્યો નથી. રાજ્ય સરકારે આના માટે બેદરકારી રાખી છે. હરિયાણા સરકાર જાણી જોઈને વિવાદ ઉભા કરવાની ઈચ્છા ધરાવે છે. સરકારની યોજના રોબર્ટ વાઢેરા અને તેમની કંપની સ્કાયલાઈટને મુશ્કેલીમાં મુકવાનો રહ્યો છે. પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, એડિશનલ ચીફ સેક્રેટરી દ્વારા પણ આ વાસ્તવિકતા સ્વીકારવામાં આવી છે. હરિયાણાની સરકાર હવે જવાબ તૈયાર કરી રહી છે. જેને તે પીએજીને સુપ્રત કરશે. રોબર્ટ વાઢેરા છેલ્લા ઘણા સમયથી કાયદાકીય ગૂંચનો સામનો કરી રહ્યા છે. તેમની કંપનીઓ સામે પણ પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા છે. કેન્દ્રમાં ગયા વર્ષે નરેન્દ્ર મોદી સરકાર સત્તારુઢ થયા બાદથી એક પછી એક આક્ષેપોનો સામનો રોબર્ટ વાઢેરાને કરવો પડી રહ્યો છે. વાઢેરાની ઘણી કંપનીઓ સામે મુશ્કેલીઓ દેખાઈ રહી છે. અત્રે નોંધનીય છે કે, રોબર્ટ વાઢેરા કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના જમાઈ છે.

## સેંસેક્સમાં નજીવો ઘટાડો નોંધાયો

મુંબઈ,તા. ૩૧

શેરબજારમાં આજે ભારે ઉથલપાથલના કારોબાર વચ્ચે બજારમાં નજીવો ઘટાડો જોવા મળ્યો હતો. કારોબારના અંતે સેંસેક્સ ૧૮ પોઈન્ટ ઘટીને ૨૭૯૫૭ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧.૩૦ પોઈન્ટ ઘટીને ૮૪૯૧ની સપાટીએ રહ્યો હતો. જો કે, નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ ઈન્ડેક્સ માટે ખુબ આદર્શ રહ્યો છે. ૨૫ ટોપ ફાર્મા શેર પૈકીના ૧૨માં ૨૬ ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો છે. આજે બ્રોડર માર્કેટમાં સારી સ્થિતિ રહી હતી. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૩-૧ ટકાનો ઉછાળો નોંધાયો હતો. બીએસઈમાં માર્કેટ બ્રીડ્થ હકારાત્મક રહી હતી. ૧૫૮૭ શેરમાં તેજી જોવા મળી હતી જ્યારે ૧૧૩૫ શેરમાં મંદી રહી હતી. ઉથલપાથલના સેશન વચ્ચે ઈક્વિટી માર્કેટ યથાસ્થિતિમાં રહ્યા હતા. નાણાંકીય વર્ષના છેલ્લા કારોબારી સેશનમાં ઈક્વિટી માર્કેટ યથાસ્થિતિમાં રહ્યા હતા. જાણકાર લોકો માની રહ્યા છે કે, શેરબજારમાં ઉથલપાથલની સ્થિતિ હવે જોવા મળી શકે છે. શેર અને સેક્ટરની વાત કરવામાં આવે તો બીએસઈ બેંકેક્સમાં એક ટકાનો ઘટાડો રહ્યો હતો જ્યારે કેપિટલ ગુડ્ઝ અને એફએમજીસી અને આઈટી જેવા સેક્ટરોમાં નકારાત્મક સ્થિતિ જોવા મળી હતી. ઓઈલ એન્ડ ગેસ, હેલ્થકેર ઈન્ડેક્સમાં એક ટકા જેટલો ઉછાળો નોંધાયો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીમાં બે ટકા જેટલો સુધારો જોવા મળ્યો હતો. કેપિટલ ગુડ્ઝની મહાકાય કંપની એલ એન્ડ ટીમાં એક ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

## કર્ણાટકમાં ધારાસભ્યોના પગારમાં ૭૫ ટકા વધારો

બેંગ્લોર,તા. ૩૧

ધારાસભ્યો અને પ્રધાનોને મોટી રાહત થઈ ગઈ છે. કારણ કે, કર્ણાટક વિધાનસભાના બંને ગૃહો દ્વારા એક બિલ પસાર કરી દેવામાં આવ્યું છે જેના પરિણામ સ્વરુપે કર્ણાટકમાં ધારાસભ્યોના પગારમાં ૭૫ ટકાનો વધારો થઈ ગયો છે. પગાર અને ભથ્થાઓમાં ઉલ્લેખનીય વધારો થતા તેમને મોટી રાહત થઈ છે. દેશમાં સૌથી વધારે પગાર હવે કર્ણાટકના ધારાસભ્યોનો થઈ ગયો છે. પસાર કરવામાં આવેલા બિલમાં કેટલીક બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમા જણાવવામાં આવ્યું છે કે, ભથ્થાઓના નવા વર્ગમાં કેટલીક બાબતોને જોડી દેવામાં આવી છે. જેમાં હોટલની અંદર રોકાણના એક દિવસ માટે રૂપિયા ૫૦૦૦નો સમાવેશ થાય છે. ભથ્થા તરીકે દિવસોની સંખ્યા અંગે કોઈ ફિક્સ્ડ મર્યાદા રાખવામાં આવી નથી.

દરરોજ ૧૫૦૦ રૂપિયાના લોકલ ટ્રાન્સપોર્ટ માટે પણ ધારાસભ્યો હકદાર થયા છે. ધારાસભ્યોને માત્ર બિલ રજૂ કરવા પડશે અને દાવાઓ કરવા પડશે. કર્ણાટક પ્રધાનોના પગાર અને ભથ્થા સાથે સંબંધિત બિલ ૨૦૧૫ના પરિણામ સ્વરુપે વધારાથી તિજોરી ઉપર ૪૪ કરોડનો બોજ આવશે. મુખ્યમંત્રી પગાર વધારા સાથે સૌથી ઉપર પહોંચી ગયા છે. જ્યારે તેમના કેબિનેટના પ્રધાનોને વધારો ૨૫હજારથી ૪૦હજાર વચ્ચેનો રહેશે.

**ભારત અને જાપાન વચ્ચે વાતચીત**

## મેરિટાઇમ ઇન્ફોર્મેશન અંગે ટૂંકમાં કરાર કરાશે

નવી દિલ્હી,તા. ૩૧

ભારત અને જાપાન ટુંક સમયમાં જ મેરિટાઈમ ઈન્ફર્મેશનના સંદર્ભમાં એક મોટી સમજૂતિ કરે તેવી સંભાવના છે. સંરક્ષણ પ્રધાન મનોહર પારીકરે ટોકિયોમાં જાપાનના વડાપ્રધાન શિન્જો સાથે ઉચ્ચ સ્તરે વાતચીત કરી છે. મનોહર પારીકર અને જાપાનના તેમના સમકક્ષ વચ્ચે ટોકિયોમાં સોમવારના દિવસે વિવિધ મુદ્દા પર ચર્ચા થઈ હતી. નાકાતાની અને પારીકર વચ્ચે સંરક્ષણ સંબંધોને મજબૂત કરવાના મુદ્દા પર પણ ચર્ચા થઈ હતી. મેરિટાઈમ ઈન્ફોર્મેશનના સંદર્ભમાં પણ વાતચીત થઈ હતી. હિન્દ મહાસાગરના સંદર્ભમાં જાપાન મહત્વપૂર્ણ માહિતી ઉપલબ્ધ કરાવવાની સ્થિતિમાં છે. ભારતથી વધુ દેશો સાથે સમજૂતિ કરવાના મુડમાં છે. શિપિંગ ડેટાના સંદર્ભમાં મહત્વપૂર્ણ સમજૂતિ કરવામાં આવનાર છે.

## સમાચાર ઝલક

- ગુજરાતમાં આગામી દિવસોમાં હજુ વરસાદી ઝાપટાની આગાહી.
- તાપી જિલ્લાના સોનગઢમાં જંગલી સુવરનો માનવ સમુહમાં હુમલો. એકને ફાડી ખાધો. અનેકને ઈજાઓ.
- સૂરતમાં પુરવઠા નિગમના અધિકારી લાંચના છટકામાં સપડાયા.
- ગુજરાતમાં પોલીસ કર્મચારીના અવસાન બાદ તેની પત્ની અને બાળકોને જ વળતર મળશે. અન્યને નહિ. ગુજરાત હાઈકોર્ટ.
- ગોંડલના રાજમહેલનો ડ્રોઈંગ રૂમ પ્રજા માટે ખુલ્લો મુકાયો.
- આજથી નવા કરો લાગુ કરાતાં મોંઘવારીમાં વધારો થશે.
- દાઢી વધારવા માટે ચીનમાં ૬ વર્ષની સજા ફટકારાઈ.
- ચીને રચ્યો ઈતિહાસ ૧૯ દિવસમાં ૧૭ માળની ઈમારત તૈયાર કરી.